## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિનું ભાજપ સામે મોંઘવારીના મુદ્દે વિરોધ પ્રદર્શન

વલસાડ : વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ ભાજપ સામે મોંઘવારીના મુદ્દે વિરોધ પ્રદર્શન કરાયું હતુ. જેમાં તેમણે સસ્તી દારૂ મહેંગા તેલ ભાજપ તેરા કૈસા ખેલ, ભાજપ તેરી તાનાશાહી નહી ચલેગી જેવા નારાઓ લગાવ્યા હતા. તેમણે રસ્તા પર આવી આ પ્રદર્શન કરતાં પોલીસે તેમને ડિટેઇન કર્યા હતા. ખાડી યુદ્ધના કારણે વલસાડ જિલ્લામાં ગેસની અછત ઉભી થઇ છે. જેના કાળા બજારની વ્યાપક ફરિયાદ ઉઠી છે. તેની સામે તંત્ર દ્વારા યોગ્ય પગલાં ભરાયા નથી. તેની સામે લોકોમાં ઉગ્ર રોષ વ્યક્ત થઇ રહ્યો છે. ત્યારે કોંગ્રેસે આ રોષને અનુલક્ષી એક વિરોધ પ્રદર્શન કર્યું હતુ. તેમણે ભાજપ રાજમાં મોંઘાવારી વધી હોવાનું જણાવી સ્ટેડિયમ રોડ પર ભાજપ વિરોધી નારા લગાવ્યા હતા. જેના પગલે કોંગ્રેસના કેટલાક કાર્યકર્તાઓને પોલીસે ડિટેઇન કરી આ પ્રદર્શન અટકાવ્યું હતું.

### સરીગામમાં નહાતી પરિણીતાનો વિડીયો ઉતારી વાયરલ કરનાર બે સામે ગુનો

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સરીગામ પોલીસ સ્ટેશનની હદમાં આવતા ગામમાં બાથરૂમમાં નહાતી એક પરિણીત યુવતીનો પડોશમાં જ રહેતા બે જણાએ વિડીયો ઉતારી વાયરલ કરતા આ મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના સરીગામ નજીકના એક ગામમાં ચેતવણી રૂપ કિસ્સો સામે આવ્યો છે. એક પરણીતા પોતાના ઘરે બાથરૂમમાં નહોતી હોય તેનો પડોશમાં જ રહેતી એક મહિલા સહિત બે જણાએ મોબાઈલથી વિડીયો ઉતારી દીધો હતો. અને આ વિડીયો સોશિયલ મીડિયા મારફતે વાયરલ કરી ફરતો કર્યો હતો. આની ખબર પડતા જ પરિણીત યુવતીએ સરીગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે આરોપીને ઝડપી પાડી અને મોબાઈલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

### નવનાથ ધામમાં છોટેદાદાના જન્મદિવસે સેવાકીય અને ધાર્મિક કાર્યક્રમો

કેરસી બારીયા

બીલીમોરા : છોટેદાદાના જન્મદિવસ નિમિત્તે નવનાથ ધામ ખાતે સેવા, સમર્પણ અને કરુણાના અદભૂત સંગમ નિ:શુલ્ક મેડિકલ કેમ્પ, સાયબર જાગૃતતા કાર્યક્રમ અને જરૂરિયાતમંદોને અનાજ કીટ વિતરણ કરાયું હતુ. ૨૭મી માર્ચ, શુક્રવારના રોજ દેવસર સ્થિત નવનાથ ધામના ગાદીપતિ છોટેદાદાનો જન્મદિવસ હતો. આ અવસરે નિ:શુલ્ક મેડિકલ કેમ્પમાં એલોપથી, આર્યુવેદિક અને ફીજીઓથેરાપી ડોક્ટર્સે આપેલી સેવામાં ૩૦૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. સાથે જ નવસારી સાયબર ક્રાઇમ વિભાગ દ્વારા સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં લોકોને ડિજિટલ સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, ૨૫૦ થી વધુ જરૂરિયાતમંદ પરિવારોને છોટેદાદાના હસ્તે અનાજ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને આર્થિક દાન પર કરવામાં આવ્યું હતું. સાંજે જન્મદિવસની ઉજવણીમાં બાળકો સાથે કેક કટિંગ કાર્યક્રમ યોજાયો હતો. અંતે, તમામ ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

### અમલસાડથી ધમડાછા તરફ જતી બસની અડફેટે મોપેડ સવારનું મોત

બીલીમોરા : અમલસાડથી ધમડાછા તરફ જતી બસના ચાલકે એક્ટિવાને અડફેટે લેતા મોપેડ ઉપર બેઠેલા ધવલ રાઠોડનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે એક્ટીવા ચાલક પ્રતિક રાઠોડને ગંભીર ઇજા સાથે હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો.જીઆરટીએસની બસ નં. જીજે.૧૮.ઝેડ.૬૮૪૫ અમલસાડથી ગણદેવી તરફ જઈ રહી હતી તે સમયે ધમડાછા ગામ તરફ જતા રોડ ઉપર બસ એ એક્ટિવા નં. જીજે.૨૧.ડીડી.૬૯૧૪ ને અડફેટે લેતા મોપેડ ચાલક પ્રતિક પરેશભાઈ રાઠોડ તથા પાછળ બેઠેલા ધવલ સુભાષભાઈ રાઠોડ નીચે પટકાયા હતા. જેમાં મોપેડ પાછળ બેઠેલા ધવલ રાઠોડને માથાના પાછળના ભાગે વાગતા તેનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે મોપેડ ચાલક પ્રતિક રાઠોડને બંને પગે અને દાઢીના ભાગે ઈજા પહોચતા તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે. બનાવને પગલે ગણદેવી પોલીસ ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### બીલીમોરાની મેંગુસી હોસ્પિટલમાં એક્સ-રે સેવા ખોરવાઈ, દર્દીઓ પરેશાન

કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારો અને ગરીબ લોકો માટે મહત્વની ગણાતી મેંગુસી સાર્વજનિક હોસ્પિટલમાં લાંબા સમયથી રેડિયોલોજિસ્ટ (એક્સ-રે ટેક્નિશિયન) ના અભાવે એક્સ-રે વિભાગ બંધ હાલતમાં છે. હોસ્પિટલ પાસે આધુનિક મશીનરી હોવા છતાં સ્ટાફની નિમણૂક ન થતા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને નાછૂટકે ખાનગી લેબોરેટરીઓમાં મોંઘા ભાવે એક્સ-રે કરાવવા પડી રહ્યા છે. તંત્ર દ્વારા અગાઉ ભરતી માટે જાહેરાત આપવામાં આવી હતી, પરંતુ હજુ સુધી કોઈ યોગ્ય ઉમેદવાર ન મળતા આ સમસ્યા જેમની તેમ છે. સ્થાનિક રહીશોમાં આ અંગે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને હોસ્પિટલ મેનેજમેન્ટ વહેલી તકે કરાર આધારિત અથવા ડેપ્યુટેશન પર ટેક્નિશિયનની નિમણૂક કરી આ પાયાની સુવિધા ફરી શરૂ કરે તેવી માંગ ઉઠી છે.

# 99 ઉદ્યોગને 35.06 કરોડની સબસિડી

**દાનહના** લાભાર્થીઓમાં 20 સૂક્ષ્મ, 55 નાના, 22 મધ્યમ અને 2 મોટા એકમોનો સમાવેશ

**4 મહિલા** ઉદ્યોગ સાહસિકોને પણ આ સહાયનો લાભ મળ્યો

વાપી : સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસન દ્વારા પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ અને રોજગારીને વેગ આપવા માટે એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે.

રોકાણ પ્રોત્સાહન પરિષદ (IPC) એ પ્રશાસકના અધ્યક્ષતામાં રોકાણ પ્રોત્સાહન યોજના-2022 (IPS-2022) હેઠળ 99 ઉદ્યોગો માટે રૂપિયા 35.06 કરોડની સબસિડીને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ દ્વારા પ્રદેશમાં રૂપિયા 683.51 કરોડનું માતબર રોકાણ આકર્ષિત થયું છે, જે અંદાજે 8,319 જેટલી નવી રોજગારીની તકો ઊભી કરશે. આ મંજૂરીમાં મુખ્યત્વે રૂપિયા 21.56 કરોડ મૂડી સબસિડી, રૂપિયા 13.08 કરોડ વ્યાજ સબસિડી અને રૂપિયા 1.59 કરોડ અન્ય પ્રોત્સાહન ઘટકોનો સમાવેશ થાય છે.

લાભાર્થીઓમાં 20 સૂક્ષ્મ, 55 નાના, 22 મધ્યમ અને 2 મોટા એકમોનો સમાવેશ થાય છે. ક્ષેત્રવાર વિગતો મુજબ, તેમાં 65 પ્લાસ્ટિક એકમો, 7 કાપડ એકમો અને અન્ય 27 એકમો જેવા કે આરસ, ફાર્મા, રમકડાં અને આઈટી ક્ષેત્રનો સમાવેશ થાય છે. પ્રશાસનના સશક્તીકરણના અભિગમને વેગ આપતા 4 મહિલા ઉદ્યોગ સાહસિકોને પણ આ સહાયનો લાભ મળ્યો છે. વર્ષ 2015માં આવી યોજનાઓની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં 512 ઉદ્યોગોને રૂપિયા 205.04 કરોડથી વધુના સંચિત પ્રોત્સાહનો મળ્યા છે, જેનાથી કુલ રૂપિયા 2577.61 કરોડનું રોકાણ અને 44,776 રોજગારનું સર્જન થયું છે.

શનિવારે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં પ્રશાસકના સલાહકાર અંકુર ગર્ગની અધ્યક્ષતામાં આ સબસિડીની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રસંગે તેમની સાથે નાણાં સચીવ ટી.અરૂણ, ઉદ્યોગ સચિવ એસ.અસ્કર અલી, દાનહના જિલ્લા કલેકટર પ્રિયંક કિશોર તેમજ વિ. ઉદ્યોગ સચિવ મરાઠે ઓંકાર ગોપાલ ઉપસ્થિત રહયા હતા.આ પ્રસંગે પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે સબસિડીની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઈન કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, જેથી DNH|DD ઔદ્યોગિક પ્રોત્સાહન માટે ઉમદા ઉદાહરણ બની શકે.

## વલસાડમાં વેરો નહીં ભરનારા 11 ના નળ કનેક્શન કપાયા

**પાલિકાની** ટીમે મોગરાવાડીમાં વેરો નહી ભરતા 5 દુકાનદારોની દુકાન પણ સિલ કરી

વલસાડ : વલસાડ નગરપાલિકા માર્ચ માસના અંગે વેરા વસૂલાત માટે રસ્તા પર ઉતરતી હોય છે. જેમાં માર્ચના છેલ્લા ચરણમાં તેમણે વેરો વસૂલવા માટે આજે પણ બાકીદારો સામે કડક હાથે કામ લીધું હતુ. તેમના દ્વારા વેરો નહી ભરતા 11 ઘરના નળ કનેક્શન કપાયા હતા. જ્યારે 5 દુકાનોને સિલ મરાઇ હતી.

વલસાડ નગરપાલિકાના હાઉસ ટેક્સ વિભાગના સુપ્રિટેન્ડન્ટ રમણભાઇ રાઠોડે આજરોજ પાલિકાના વોર્ડ નં. 13, 14 અને 15 માં આવતા મોગરાવાડી વિસ્તારમાં વેરા વસૂલાત અભિયાન હાથ ધર્યું હતુ. આ અભિયાનમાં તેમણે વેરો નહી ભરનારાઓનું લિસ્ટ લઇ કામગીરી હાથ ધરી હતી. જેમાં વર્ષોથી નગરપાલિકાનો વેરો નહી ભરનારા મિલકતધારકો સામે તેમણે પગલાં લેવાનું શરૂ કર્યું હતુ. જેમાં તેમણે આજરોજ 11 જેટલા બાકીદારોના ઘરોના નળ કનેક્શન કાપ્યા હતા. આ સિવાય તેમણે 15 જેટલી મિલકતો પણ જપ્તીની નોટિસો પણ લગાવી હતી. તેમજ 5 દુકાનોને સિલ કરી હતી. જેના પગલે વલસાડના અન્ય બાકીદારો વેરો ભરવા માટે વલસાડ નગરપાલિકામાં દોડ્યા હતા.

## ‘અટલ બ્રિજ’ની પ્રતિકૃતિ સમાન પેડેસ્ટ્રીયન વોક-વેનું લોકાર્પણ

**ઉમરસાડી** દરિયાકિનારે દક્ષિણ ગુજરાતના પર્યટકો મુલાકાત લેતા સ્થાનિકોને રોજગારીની તકો મળી

અમૃત પટેલ

પારડી: પારડીના ઉમરસાડી દરિયાકિનારે પેડેસ્ટલ વોક વે બ્રિજનું નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે સાંસદ ધવલ પટેલ, કલેક્ટર ભવ્ય વર્મા, એસપી યુવરાજસિંહ જાડેજા, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારાની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. દરિયા કિનારે આવેલા જેટકો સબ સ્ટેશન પાસે 126 મીટર લાંબા પેડેસ્ટલ કેબલ બ્રિજ રૂપિયા 9.50 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. અમદાવાદ સાબરમતી નદી પર અટલ બ્રિજની પેર્ટન પર ઉમરસાડી દેસાઇવાડની ખાડી પર 26 ફૂટ ઊંચાઈએ બ્રિજ તૈયાર કરાયો છે. અહીં પગપાળા દરિયા કિનારા તરફ જઈ શકે તે રીતે નાના પોલ મૂકી બ્રિજ તૈયાર કરાયો છે. બ્રિજને પેવર બ્લોક, લાઇટિંગ સાથે સજ્જ કરતા સુંદર નજારો સાથે વલસાડ જિલ્લામાં વિકસિત હબ તરીકે ઓળખ પામી રહ્યું છે. સાંજે પર્યટકો સૂર્યાસ્તનો નજારો જોવા તેમજ દરિયામાં મજા માણતા જોવા મળે છે. અહીં લોકો વેડિંગ - પ્રિ વેડિંગ શૂટ, બર્થ ડે, એનિવર્સરીના શૂટિંગ માટે આવે છે. દક્ષિણ ગુજરાતના પર્યટકો અહીં મુલાકાત લેતા રોજગારીની તકો ઉભી થવા પામી છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને સાંસદ ધવલ પટેલે જણાવ્યું હતું કે ટુરિઝમ ક્ષેત્રે વિકાસ કરી નવા નજરાણાના રૂપમાં બ્રિજનું લોકાર્પણ કરતા સમગ્ર દક્ષિણ ગુજરાતના લોકો અહીં પધારી રહ્યા છે. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અધિકારી જતીન પટેલે આપી હતી. પ્રાંત અધિકારી નીરવ પટેલ, મામલતદાર કિરણસિંહ રાણા, પુનિત પટેલ, સતીશ પટેલ, મનીષ દેસાઈ, ધ્રુવિન પટેલ, મહેશ દેસાઈ, રાજુ નાયકા, ખુશ્બુ ટંડેલ, ભરત દેસાઈ, સુરેશ માંગેલા સહિતના હોદ્દેદારો, કાર્યકર્તાઓ, ઉપસ્થિત રહ્યા હતા. પીઆઇ જી.આર. ગઢવીની ટીમ બંદોબસ્તમાં તૈનાત રહી હતી.

## બલીઠાનો રેલવે અંડરપાસ 25 દિવસ સુધી રાત્રે બંધ

**અતુલ** કોલોની પાસેના અંડરપાસમાં શેડ બનાવવાની કામગીરીને ધ્યાન રાખી રાત્રે બંધ કરાશે

વાપી : વાપી મહાનગરપાલિકા દ્વારા બલીઠા સ્થિત અતુલ કોલોની નજીકના રેલવે અંડરપાસ ઉપર શેડ બનાવવાની કામગીરીને લઈને તા.૧ એપ્રિલથી ૨૫ એપ્રિલ સુધી પચ્ચીસ દિવસ રાત્રે ૧૧થી સવારે ૬ વાગ્યા દરમિયાન વાહનોની અવરજવર માટે બંધ રહેશે. મહાપાલિકા દ્વારા એવું પણ જણાવવામાં આવ્યું છે કે જો ૧૫ દિવસમાં કામગીરી પૂરી થઈ જાય તો રેલવે અંડરપાસ વહાનો માટે રાત્રે ખુલ્લો મૂકાશે.

વાપી શહેરમાં રેલવે લાઈનના પૂર્વથી પશ્ચિમ તરફ જવા માટે થોડા સમય પહેલા જ ખુલ્લા મૂકાયેલા બલીઠા સ્થિત રેલવે અંડરપાસ ઉપર શેડની કામગીરીને લઈને મહાપાલિકાએ પહેલી એપ્રિલથી ૨૫ એપ્રિલ સુધી રાત્રે ૧૧થી સવારે ૬ વાગ્યા સુધી અંડરપાસને વાહનો માટે બંધ કરવા અંગે લોકોને જાણ કરવામાં આવી હતી. ચોમાસા દરમિયાન રેલવે અંડરપાસમાં વરસાદી પાણીનો ભરાવો નહીં થાય તેના માટે અંડરપાસમાં શેડ બનાવી રૂફશીટ લગાવવાની કામગીરી શરૂ થનાર છે. લોકોની સલામતીને ધ્યાનમાં રાખી મહાનગરપાલિકાના સિટી ઈજનેર દ્વારા પચ્ચીસ દિવસ માટે રાત્રે અંડરપાસ વહાનોની અવરજવર માટે બંધ કરવાનું નક્કી કરાયું છે. જોકે મહાપાલિકા તરફથી શનિવારે પ્રેસને જાણકારી આપવામાં આવી હતી કે શેડ બનાવવાની કામગીરી જો જલ્દી પૂરી થઈ જાય તો ૧૫ એપ્રિલથી રાત્રે પણ વાહનોની અવરજવર માટે બલીઠા અંડરપાસને ખુલ્લો મૂકાશે. પરંતુ આ વાત કામગીરી પૂરી થઈ જાય તો જ શક્ય છે.

### કચવાલમાં આંબાના ઝાડ સાથે યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પારડી : પારડીના કચવાલમાં ઝાડ સાથે યુવાને ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. પારડી તાલુકા સ્થિત નિરલેપ કુમારના પોલ્ટ્રી ફાર્મમાં રહેતા અને મૂળ નાનાપોંઢાના કીર્તન સુરેશભાઈ ફુલારે (ઉ.19) ગતરોજ પોલ્ટ્રી ફાર્મ ઉપર કામ માટે ગયો હતો. જ્યાં આંબાના ઝાડ સાથે યુવાને ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. જેની જાણ પરિવાર તેમજ પોલીસને થતા સ્થળ ઉપર પહોંચી હતી. પારડી પોલીસ મથકે મૃતકના પિતા સુરેશભાઈએ ફરિયાદ નોંધાવી હતી. યુવાનની લાશને પારડી સીએચસી ખાતે પીએમ અર્થે ખસેડી વધુ તપાસ પોલીસે હાથ ધરી છે. જો કે યુવાનના આત્મહત્યાનું કારણ અકબંધ રહ્યું હતું. યુવાને ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પરિવાર પર આભ તુટી પડ્યું હતુ.

**ઉમરગામ UIA ની ચૂંટણીમાં જાહેર થયેલા પરિણામ ચોકાવનારા આવ્યા**

## બે ઉમેદવારના મત સરખા થતાં ચિઠ્ઠી ઉછાળી વિજેતા નક્કી કરાયા

**15 માંથી** યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમના 7 અને ટીમ સિટીઝનમાંથી 7 ઉમેદવારો ચૂંટાયા

**યુવા** ઇન્ડસ્ટ્રીયલ ટીમના ઉમેદવાર જીતતા પાતળી સરસાઈ મેળવી, પ્રમુખ પદ માટે ખેંચતાનના એંધાણ

ઉમેશ મોલકી

ઉમરગામ : ઉમરગામ UIA ની ચૂંટણીમાં જાહેર થયેલા પરિણામ ખૂબ જ ચોકાવનારા આવ્યા છે. એક્ઝિક્યુટિવ કમિટીની 15 બેઠકોમાંથી યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમના 7 અને નરેશભાઈના નેતૃત્વ વાળી ટીમ સિટીઝનમાંથી 7 ઉમેદવારો ચૂંટાયા છે.

બે ઉમેદવારોના મત સરખા થતાં ચિઠ્ઠી ઉછાળી વિજેતા નક્કી કરવામાં આવ્યા હતા. જેમાં યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમના ઉમેદવાર જીતતા 8 બેઠકો સાથે પાતળી સરસાઈ મેળવી છે. જે જોતા પ્રમુખ પદ અને બીજા હોદ્દાઓ માટે ભારે ખેંચતાંણના એંધાણ જોવા મળશે. ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (UIA )ના 15 એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બરો બોર્ડ ઓફ ડિરેક્ટરોને ચૂંટી કાઢવા તારીખ 27 મી માર્ચ 2026 ના શુક્રવારે મતદાન થયું હતું. કુલ નોંધાયેલા 756 મતદારો પૈકી 692 ઉદ્યોગપતિ મતદારોએ મતદાન કરતા 91.53 ટકા મતદાન નોંધાવા પામ્યું હતું.

### 1 થી 15 માં વિજેતા ઉમેદવારો

1. જૈન નિલેશ (475) યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમ 2. નરેશભાઈ બંથિયા (469) ટીમ સિટીઝન 3. ભટ્ટ કેયુર (460) યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમ 4. ગાંધી મયુર (453) યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમ 5. ભગવાનભાઈ ભરવાડ (445) યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમ 6. ગિરીશ રાવ (424) ટીમ સિટીઝન 7. ચોરસિયા રત્નેશ્વર (419) યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમ 8. આશિષકુમાર શાહ (411) ટીમ સિટીઝન 9. વિપુલ પંચાલ (399) ટીમ સિટીઝન 10. મુસા શેખ (370) ટીમ સિટીઝન 11. પ્રશાંત થંમન (379) ટીમ સિટીઝન 12. સમ્યક જૈન (363) ટીમ સિટીઝન 13. અશોક ગુપ્તા (360) યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમ 14. શ્યામ વિઝન (357) યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમ અને 15. નિતીન હીરાની અને તાહેર વોહરાના મતો (349) એકસરખા (ટાઇ) થતા ચિઠ્ઠી ઉછાળતા નિતીન હીરાની યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમના ઉમેદવાર વિજેતા બન્યા હતા.

### સિટીઝનનો જીતનો સ્ટ્રાઈક રેટ 58 ટકા, યુવા ઇન્ડસ્ટ્રીયલનો સ્ટ્રાઈક રેટ 46 ટકા

આ ચૂંટણીમાં યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમે તમામ કુલ 15 બેઠકો ઉપર પોતાના ઉમેદવાર ઉતાર્યા હતા અને 7 બેઠકો પર જીત મેળવી છે. જ્યારે નરેશભાઈના નેતૃત્વ વાળી ટીમ સિટીઝને 12 ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. અને 7 બેઠક ઉપર જીત મેળવી છે અને એક બેઠક ઉપર ટાઇ થઈ હતી. આમ ટીમ સિટીઝનનો જીતનો સ્ટ્રાઈક રેટ 58 ટકા જ્યારે યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમનો સ્ટ્રાઈક રેટ 46 ટકા રહેવા પામ્યો છે. યુઆઇએની ચૂંટણીમાં દરેક મતદારોએ ફરજિયાત 15 જણાને મત આપવાના હોય છે. નરેશભાઈના નેતૃત્વ વાળી પેનલમાં 12 ઉમેદવારો હતા. તેમને યુવા ઇન્ડસ્ટ્રીયલ ટીમના ત્રણ ઉમેદવારોને જીતાડવામાં અહમ ભૂમિકા ભજવી છે. જેના કારણે સમગ્ર પરિણામ જોતા આગામી દિવસોમાં પ્રમુખ પદને લઈને સસ્પેન્સ હાલમાં બરકરાર છે અને ભારે ખેંચતાણ થાય તેવા સંકેતો મળી રહ્યા છે.

## કોલેજમાંથી બે વિદ્યાર્થીના મોબાઈલની ચોરી

ખેરગામ : ખેરગામ સરકારી કોલેજ ખાતે હાલમાં ચાલી રહેલી પરીક્ષા દરમિયાન પરીક્ષા આપવા આવેલા બે વિદ્યાર્થીઓના મોબાઈલ ફોન ચોરી થયાની ઘટના સામે આવતા વિદ્યાર્થીઓમાં ચિંતા ફેલાઈ છે. આ મામલે આચાર્યે પોલીસને જાણ કરતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. ખેરગામની સરકારી વિનયન અને વાણિજ્ય તેમજ સાયન્સ કોલેજમાં બપોરે અઢીથી સાડા ત્રણ વાગ્યા દરમ્યાન યોજાયેલા પેપર પહેલા પરીક્ષાર્થીઓએ પોતાની બેગ અને કીમતી વસ્તુઓ પેસેજમાં રાખી પરીક્ષા આપવા ગયા હતા. પેપર પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ જ્યારે બહાર આવ્યા ત્યારે તેમની બેગમાંથી મોબાઈલ ફોન ગુમ થયેલા હોવાનું જણાયું હતું. આ ઘટનામાં બે વિદ્યાર્થીઓના મોબાઈલ ગુમ થયાની જાણ થતાં કોલેજના આચાર્ય ડૉ. સંજય પટેલે ઘટનાની જાણ ખેરગામના પોલીસ તંત્રને જાણ કરી કાર્યવાહી શરૂ કરાવી હતી. ત્યારબાદ કોલેજના સીસીટીવી કેમેરા તપાસતા એક શંકાસ્પદ વ્યક્તિ જોવા મળતા પોલીસે આ વ્યક્તિની ઓળખ કરી તેની શોધખોળ શરૂ કરી છે. કોલેજ તેમજ આસપાસમાં દુકાનો મકાનોમાં મુકાયેલા સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવી રહી છે. આ ઘટનાને પગલે કોલેજમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ પ્રશ્નો ઉભા થયા છે.

શ્રી નાયક ફાઉન્ડેશન સંચાલિત જ્ઞાનશક્તિ રેસિડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સીલેન્સ(ગર્લ્સ) ગણદેવી, નવસારી
શાળાનું કામચલાઉ સરનામું: વાત્સલ્યધામ કુકેરી તા: ચીખલી જિ: નવસારી

શિક્ષકો જોઈએ છે. (ફક્ત મહિલા ઉમેદવાર)

| ક્રમ | જગ્યાનું નામ | વિભાગ | ખાલી જગ્યા | લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૬ થી ૮ | ૧ | M.A / M.SC, B. ED |
| ૨ | સ્પોર્ટ્સ ટીચર | ૬ થી ૮ | ૨ | C.PED, B.PED |
| ૩ | ગણિત-વિજ્ઞાન | ૬ થી ૮ | ૨ | M.Sc., B.ED |
| ૪ | ભાષા (ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી) | ૬ થી ૮ | ૬ | M.A.B.ED |
| ૫ | ક્લાર્ક | ૬ થી ૮ | ૨ | સ્નાતક, કોમ્પ્યુટરના જાણકાર |
| ૬ | કોમ્પ્યુટર | ૬ થી ૮ | ૨ | કોમ્પ્યુટરની કોઈ પણ ભાષાના જાણકાર ઉ.દા. જાવા, પાયથન, CCC |
| ૧૦ | ચિત્રકામ | ૬ થી ૮ | ૨ | ATD |
| ૧૧ | સંગીત | ૬ થી ૮ | ૨ | સંગીત વિશારદ |
| ૧૨ | લાયબ્રેરીયન | ૬ થી ૮ | ૧ | B. Lib |
| ૧૩ | પટાવાળા | | 3 | ૧૦ કે ૧૨ પાસ |
| ૧૪ | રસોઈયો | | ૧ | |
| ૧૫ | હોસ્ટેલ વોર્ડન | ૬ થી ૮ | 3 | |
| ૧૬ | રસોઈયા મદદનીશ | | 3 | |
| ૧૭ | કાઉન્સીલર | ૬ થી ૮ | ૨ | B.A. / M.A. in Psychology, Bed |

જાહેરાત મળ્યાને રૂબરૂ શાળામાં સંપર્ક કરવો.
મુલાકાત માટેનું સ્થળ - વાત્સલ્યધામ, કુકેરી તા: ચીખલી જિ: નવસારી (મો. નં- ૬૩૫૭૪૩૩૨૨)
ઈન્ટરવ્યૂ તારીખ : ૦૬/૦૪/૨૦૨૬ થી ૦૮/૦૪/2026 ઈન્ટરવ્યૂ સમય : ૮:૩૦ am થી૧૨:૦૦ am
(૧) દરેક શિક્ષક ઉમેદવાર માટે TET/TAT પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.
(૨) દરેક ઉમેદવારે પોતાની શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાતના તમામ અસલ પ્રમાણપત્રો અને ખરી નકલ સાથે હાજર રહેવાનું રહેશે.
(૩) રૂબરૂ મુલાકાતમાં જણાવ્યા મુજબના સ્થળ પર હાજર થવા માંગતા ઉમેદવારોને કોઇપણ મુસાફરી ખર્ચ કે ભાડા ભત્થાનું ચુકવણું કરવામાં આવશે નહિ.
(૪) આ શાળાનો દરરોજનો સમય સવારે ૭:૧૫ થી ૪:૦૦ સુધીનો રહેશે.
(૫) અનુભવી ઉમેદવારને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે.

## દમણમાં રામનવમીના પોસ્ટર ફાડી શાંતિ ડહોળવાનો પ્રયાસ

**અન્ય** ધર્મના બાળકોએ પોસ્ટર ફાટતા મામલો પોલીસ મથકે પહોંચ્યો

દમણ : સંઘપ્રદેશ દમણમાં રામનવમી નિમિત્તે વિવિધ વિસ્તારમાં ભગવાન શ્રી રામ તથા હનુમાનજીના વિવિધ બેનર લગાવવામાં આવ્યા હતા. જ્યાં રામનવમીની શોભાયાત્રા બાદ રાત્રે 4 થી 6 જેટલા અન્ય ધર્મના બાળકોએ મશાલ ચોક પાસે લગાવવામાં આવેલા ભગવાન રામ અને હનુમાનજીના બેનરને તીક્ષ્ણ પદાર્થ તથા લાકડીઓ વડે ફાડવાનો પ્રયાસ કરી ત્યાંથી ભાગી છુટ્યા હતા. બનાવ અંગેની જાણ હિન્દુ સંગઠનના અમુક સભ્યોને થતાં તેઓએ ઘટના સ્થળના સી.સી.ટીવી કેમેરા ફૂટેજની ચકાસણી કરી હતી. જે બાદ હિન્દુ સમાજના લોકોની લાગણી દુભાતા આખે આખો મામલો કડૈયા પોલીસ મથકે પહોંચવા પામ્યો હતો. આ અંગે હિન્દુ સંગઠનના લોકોએ જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે લેખિતમાં યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી. દમણ પોલીસે મામલાની ગંભીરતાને જોતા આ મામલે ભગવાનના પોસ્ટર ફાડનાર બાળકોની તપાસ હાથ ધરી હતી. જેમાં બાળકો સગીર હોવાને કારણે વાલીઓને પોલીસ મથકે બોલાવી પુછપરછ કરી છે. જો કે, પ્રદેશના શાંતિ અને સલામતી બરકરાર રહે તેવા આશય સાથે પોલીસે સમગ્ર મામલાને નિયંત્રણમાં લઈ આગળની કાર્યવાહી હાથ ધરી રહ્યું છે.